કાંકરેજ તાલુકામાં અસહ્ય ગરમી તેમજ બફારાથી ત્રસ્ત લોકોને વરસાદી ઝાપટાથી થોડી રાહત મળી છે. પણ જોઈએ તેટલો વરસાદ ન વરસતા ખેડુતો ચિંતાતુર બન્યા છે તો બીજી બાજુ પવનના સુસવાટા સાથે પડેલા વરસાદથી ઊભો પાક પડી જવાથી ખેડૂતને નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. વરસતા મેઘરાજાથી આ વિસ્તારના નદી તળાવ તો ભરાયા નથી પણ વરસાદના ઝાપટાથી ઠંડક પ્રસરે છે તેનાથી લોકોને રાહત તો ચોકકસ અનુભવાય છે. (તસવીર : હેમુભા વાઘેલા, કાંકરેજ)

પાકમાં જીવાત પડતાં પ્રાંતિજના ખેડૂતો પરેશાન

પ્રાંતિજ, તા.૫

પ્રાંતિજ તાલુકામાં વિવિધ પાકોમાં ઓચિંતો કાળિયો રોગ, જીવાત, ઈયળો વગેરેના કારણે લીલાછમ્મ દેખાતા પાક કરમાવા લાયા છે. આ જોઈને ખેડૂતો ચિંતામાં પ્રસરી ગયા છે.

પ્રાંતિજ તાલુકામાં મુખ્યત્વે કપાસ, ગવાર, ડાંગર, શાકભાજી જેવા પાકોનું વાવેતર કરવામાં આવે છે. પ્રાંતિજમાં અનિયમિત વરસાદ, હવામાનમાં ફેરફાર તથા પાકને અસર પહોંચી હતી. ત્યાં જ કપાસમાં પાન ખાનારી ઈયળોનો ત્રાસ વધી ગયો છે તો ગવારમાં પણ કાળીયો રોગ આવતા ખેડૂતો પાક નિષ્ફળ જવાની બીકે ચિંતામાં ડુબી ગયા છે. ખેડુતે મોંઘીદાટ દવાનો છંટકાવ પાક પર કર્યો છતાંય કોઈ અસર થવા પામી નથી.

બીજી બાજુ નિલગાય અને ભુંડ પણ પાકને નુકશાન કરે છે તેથી ખેડુત પાકને બચાવવા રાતના ઉજાગરા કરી ઉંડા નિસાસા નાંખી બેઠો છે. તારની વાડ બનાવવાની યોજના અમલમાં મુકાય તે માટેની પણ કિસાનો દ્વારા માંગ ઉઠવા પામી છે.

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર અને વિજયનગરમાંથી વિદેશી દારૂ પકડાયો : બે પકડાયા, એક ફરાર

હિંમતનગર, તા.૫

સાબરકાંઠા જિલ્લામાં મંગળવારના રોજ વિજયનગર પોલીસે તાલુકાના મોજારીયા ગામેથી અને હિંમતનગર પોલીસે પોલીટેકનીક ચાર રસ્તા પરથી વિદેશી દારૂ પકડી પાડયો હતો બંને ગુન્હામાં બે આરોપી પકડાયા હતા જયારે એક આરોપી ફરાર થઈ ગયો હતો. આ અંગે પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

વિગત મુજબ વિજયનગર પોલીસ મથકના પી.એસ.આઈ. એસ.એન. ગોહિલને મળેલ બાતમીના આધારે તાલુકાના મોજારીયા ગામે મંગળવારના રોજ બપોરના ૩ વાગેના સમયે અજીતભાઈ ભીમાજી ખરાડીને રેડ કરતા ઘરની સાઈડે ઢોર બાંધવાની જગ્યામાં સંતાડેલો બિયરના ટીન ૬૦ કિંમત રૂ. ૬ હજાર અને વિદેશી દારૂની અલગ અલગ બ્રાંડની બોટલ નંગ-૮૨ કિંમત રૂ. ૨૩હજાર ૧૦૦ મળી કુલ રૂ. ૨૯ હજાર ૧૦૦નો મુદ્દામાલ પકડી પાડયો હતો. જયારે આરોપી અજીતભાઈ ખરાડી પોલીસને દેખી નાસી ગયો હતો. જેથી પોલીસ મુદ્દામાલ કબજે લઈ તેના વિરુદ્ધ વિજયનગર પોલીસ મથકે ગુનો નોંધ્યો હતો. બીજી તરફ હિંમતનગર ટાઉન પોલીસના પી.આઈ. જે.એમ. આલને મળેલ બાતમી આધારે ડીસ્ટાફના વિનોદ રાઠોડ, ચંદુભાઈ વણઝારા, ચંદ્રકાન્તભાઈ પરમાર, પર્વતસિંહ ઝાલા, આશીર્વાદ ખોખરીયા સહિત પોલીસે મંગળવાના રોજ રાત્રી ૧૧ વાગેના સુમારે હિંમતનગર-શામળાજી માર્ગ પર આવેલ પોલીટેકનીક ચાર રસ્તા પર વાહન ચેકિંગ હાથ ધર્યું હતું. દરમિયાન મેક્ષ જીપ નંબર જીજે-૯-એજી-૫૬૩૮માં ચેક કરતા પ્લાસ્ટિકના થેલામાં વિદેશી દારુની બોટલ ૫૮ કિંમત રૂ. ૨૯ હજાર ની મળી આવી હતી. જેથી પકડાયેલ રાજસ્થાનના ઉદેપુર જિલ્લાના ખેરવાડા તાલુકાના પાટિયા ગામના અનિલભાઈ બાબુભાઈ અસોડા અને અનિલભાઈ કેશવલાલ અસારીની ઝડતી લેતા રોકડા રૂ. ૨૦ હજાર અને બે મોબાઈલ રૂ.૧ હજારના મળી આવ્યા હતા. જેથી પોલીસે કુલ રૂ. ૩ લાખ ૫૦ હજારનો મુદ્દામાલ કબજે કરેલ અને પકડાયેલ બંને વિરુદ્ધ હિંમતનગર ટાઉન પોલીસ મથકે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

(તસવીર : મગનજી વણઝારા)

ખેડબ્રહ્માના માણેકચોકથી રેલવે સ્ટેશન વિસ્તારમાં લારીઓવાળાઓનો અડીંગો

ખેડબ્રહ્મા, તા. ૫

ખેડબ્રહ્મા શહેરમાં કેટલાક મુખ્ય વિસ્તારોમાં કાચા પાકા દબાણો દૂર કરાયા છતા પણ માણેકચોકથી રેલવે સ્ટેશન સુધી વિસ્તારમાં કેટલાક લારી ગલ્લાવાળાઓ મન ફાવે તેમ જાહેર માર્ગો પર લારીઓ મુકી ટ્રાફિકને અડચણ રૂપ બને છે. જેથી રહિશો અને વાહનચાલકો ભારે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

મળતી માહિતી અનુસાર ખેડબ્રહ્મામાં શહેરમાં કાચા પાકા દબાણો દૂર કરાયા પછી તંત્ર દ્વારા માણેક ચોક પાસે આવેલા ઉપાધ્યાય જલધારા અને રેલવે સ્ટેશન સુધીના વિસ્તારમાં જયાં જયાં દુકાનો હતી તેને તોડી પાડવામાં આવી હતી અને ત્યાં જાહેર શૌચાલય તથા પરબ બનાવવામાં આવી છે. ઉપરાંત તોડી નાકવામાં આવેલી દુકાનાના આગળના ભાગે જાહેર માર્ગ બનાવવામાં આવ્યો છે. જેની પર છેલ્લા ઘણા સમયથી કેટલાક લારીઓ વાળા પોતાનો અડીંગો જમાવી ટ્રાફિકને અડચણરૂપ બની રહ્યા છે. પરિણામે નાગરિકો અને વાહનચાલકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. વર્ષો જૂના દબાણો દૂર થાય છે તો તંત્ર દ્વારા આ અડીંગો જમાવી બેઠેલા લારીઓને શા માટે દૂર નહી કરવામાં આવતા હોય તેવું હાલ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. આ મામલે પાલિકાતંત્રના અધિકારીઓ તાત્કાલિક પગલા ભરે અને નાગરિકોની મુશ્કેલીનું નિવારણ કરે તેવી રહિશો માંગ કરી રહ્યા છે.

હિંમતનગરમાં કલેક્ટરના જાહેરનામાનું ઉલ્લંઘન

સાંસદના કાર્યાલય આગળ ટ્રકોના ખડકલા : શહેર ટ્રાફિક પોલીસ હાઈવે ઉપર હમા ઉઘરાવવામાં મશગૂલ

હિંમતનગર, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગરમાં કલેક્ટરના જાહેરનામાનું ખુલ્લેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે. ટ્રાફિકના નિયંત્રણ માટે શહેરમાં મોટા વાહનો ઉપર પ્રતિબંધ હોવા છતાં ન્યાય મંદિર વિસ્તારમાં સંસદસભ્યના કાર્યાલય પાસે ટ્રાન્સપોર્ટના ગોડાઉનો આવેલા છે. જયાં પ્રતિબંધ હોવા છતાં ટ્રકોના ખડકલા જામે છે. શહેર ટ્રાફિક પોલીસ પગલાં લેવામાં આંખ આડા કાન કરી રહી છે.

હિંમતનગર શહેરના કેટલાક વિસ્તારોમાં સવારે ૮ વાગ્યાથી સાંજના ૧૦ વાગ્યુ સુધી મોટા વાહનોના પ્રવેશ સામે કલેક્ટરે જાહેરનામું પ્રસિદ્ધ કરી પ્રતિબંધ ફરમાવ્યો છે. પરંતુ કલેક્ટરનું આ જાહેરનામાનો પોલીસ દ્વારા અમલ કરાવવામાં આવતો નથી. શહેરના ન્યાયમંદિર વિસ્તારમાં હાથમતી કોમ્પલેક્ષના પાછળના ભાગે ટ્રાન્સપોર્ટના ગોડાઉનો આવેલા છે. અહીં સાબરકાંઠાના સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણનું કાર્યાલય પણ આવેલ છે. જયાં સવારથી જ ટ્રકોના ખડકલા જામી જાય છે. જેના કારણે રસ્તાઓ બંધ થઈ જાય છે. અને નાના વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

કલેક્ટરના જાહેરનામાનો અમલ કરી શહેરમાં ટ્રાફિક નિયંત્રણ માટે શહેર ટ્રાફિક પોલીસને જવાબદારી સોંપવામાં આવી છે. પરંતુ ટ્રાફિક પોલીસ શહેરમાં ટ્રાફિક નિયંત્રણ કરવાની જગ્યાએ હાઈવે ઉપર ઉભી રહી છે. હમાઓ ઉઘરાવે છે. જેના કારણે શહેરમાં દિવસે દિવસે ટ્રાફિકની સમસ્યા વિકટ બની રહી છે. જો કલેક્ટરના જાહેરનામાનો અમલ ના થતો હોય તો પછી બીજી વાત જ શું કરવાની...!

હિંમતનગર નશાબંધી ઈન્સ્પેક્ટરની એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ધરપકડ

હિંમતનગર, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે આવેલ નશાબંધી આબકારી પી.આઈ.ની ડી.જી. વિઝીલન્સ સ્કવોર્ડે ખેડા જિલ્લામાં એન.ડી.પી.એસ. એક્ટ અંતર્ગત નોંધાયેલ ગુન્હા સંદર્ભે ધરપકડ કરીને તે વિષે હિંમતનગર ટાઉન પોલીસમથકમાં નોંધ કરાઈ હતી.

હિંમતનગર ટાઉન પોલીસ મથકેથી જાણવા મળેલ માહિતી મુજબ મંગળવારના રોજ બપોરના સમયે ગાંધીનગરથી ડી.જી. વિઝીલન્સ સ્કવોર્ડની જી.વી. પઢેરીયાની ટીમે હિંમતનગરની નશાબંધી અને આબકારીની કચેરીએ આવી હતી. જ્યાંથી સાંજે ચાર વાગ્યાના સુમારે નશાબંધી પી.આઈ. પરશોત્તમભાઈ ગોપાલભાઈ પરમારની ધરપકડ કરી હતી. જે અંગેની નોંધ હિંમતનગર ટાઉન પોલીસમથકમાં વિઝીલન્સ પી.આઈ. પઢેરિયાએ ડાયરીમાં કરાવેલ હતી કે અનુસાર ખેડા જીલ્લાના વસો પો.સ્ટે.માં નોંધાયેલ ગુન્હા નં. ૧૩/૨૦૧૨ અંતર્ગત એન.ડી.પી.એસ. એક્ટની કલમ ૧૯૮૫(૮) (સી) (૧૫) અને ૨૯ મુજબના ગુન્હામાં પુછપરછ માટે તથા તપાસ અર્થે જરૂર હોઈ લઈ જવામાં આવેલ છે. નશાબંધી પી.આઈ.ની નારકોટીક્સ એક્ટ હેઠળ નોંધાયેલ ગુન્હામાં ધરપકડ કરવામાં આવતા પોલીસ બેડામાં સોંપો પડી ગયો હતો.

પ્રાંતિજ નગરપાલિકાનો એક કર્મચારી ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન ઉપર

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

સાબરકાંઠા, તા. ૫

સાંબરકાંઠા જિલ્લાની પ્રાંતિજ નગરપાલિકાનો આરોગ્ય વિભાગનો એક કર્મચારી તેની વિવિધ માંગણીઓને લઈ વિભાગ સામે આંદોલન ઉપર બેસવાનું મન બનાવ્યું છે. તે પોતાની માગણી જેવી કે તેનો નિકળતો પગાર, હોસ્પિટલનો ખર્ચ એ માગણીને લઈ પ્રાંતિજ આંબેડકર ભવન શોપિંગ નગરપાલિકા ઓફિસ સામે ગાંધી ચિંધ્યા માર્ગે ગાંધીગીરીમાં ગાંધી ટોપી પહેરી બેસી ગયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર નગરપાલિકાના પ્રભુદાસ ચૌહાણ નામનો કર્મચારી પોતાની પડતર માગણીઓને સાથોસાથ શ્રમયોગીને હાજર કરવા સળંગ નોકરી મૂળ સાતત્ય સાથે પુનઃ સ્થાપિત કરવાનો હૂકમ હિંમતનગર લેબર કોર્ટ દ્વારા કરવામાં આવ્યો હતો અને વાલ્મિકી કર્મચારી કોઈ તેને હાજર કરવા સામાન્ય સભા દ્વારા નિર્ણય લેવાયો હતો અને સદર કર્મચારી મૂળ જગ્યાએ હાજર નહી થતા ન.પા.એ. સ્પેશ્યલ એપ્લીકેશન નંબર ૫૧/૨૩ ૨૦૦૯:૧૬/૬ ૨૦૧૦થી રીટ પીટીશન નગરપાલિકાની કાઢી નાખી મૂળ લેબર કોર્ટના હૂકમની અમલવારી નગરપાલિકાએ અગાઉ કરેલ છતાં શ્રમયોગીએ અમલવારી નહી કરી તે પછી નામદાર હાઈકોર્ટ કરેલ ઓર્ડર તેમજ નગરપાલિકાએ તેને લેબર કોર્ટના હૂકમ પ્રમાણે હાજર કરેલ એટલે કે શ્રમયોગીને જગ્યાએ હાજર કરેલ પુનઃ સ્થાપિત કરેલ છે. કોર્ટના આદેશ પ્રમાણે નગરપાલિકાએ કામ કરેલ છે ત્યારે વાલ્મિકી સમાજના આ કર્મચારી પગાર સહિતની માંગણીઓ સામે ગાંધી ચિંધ્યા માર્ગે ઉપવાસ અને આંદોલન ઉપર બેઠા છે.

વીજળી પડતા ઉપકરણો બળી ગયા

તલોદ, તા. ૫

તલોદ તાલુકાના મહિલ ગામના રાઈણીયા વિસ્તારમાં ગતરોજ રાત્રીના સમયે જોરદાર ગાજવીજ સાથે એક મકાન પર વીજળી પડતા ઘરમાં રહેલા ૨૫ હજારની રકમના વીજ ઉપકરણો બળીને ખાખ થઈ ગયા હતા.

મહિયલ ગામના રાઈણીયા વિસ્તારમાં આવેલા હરિજનવાસમાં રહેતા શ્રમિક જશુભાઈના મકાન ઉપર એકાએક વીજળી પડતા કલર ટી.વી., બે સિલીંગ ફેન, ડીસ મળીને કુલ રૂ. ૨૫,૦૦૦ની રકમનું નુકશાન થવા પામ્યું હતું. જેનું મહિયલ તલાટી વિ.એ. ભાવસાર તથા મુન્નાભાઈ નાયીએ નિરીક્ષણ કરી થયેલ નુકસાન અંગે પંચનામુ કરી તલોદ તાલુકા પંચાયત ખાતે આગળની કાર્યવાહી માટે મોકલી આપ્યું છે.

સિલ્વગ્રીન સેકન્ડરી ઈંગ્લિશ સ્કૂલનું ગૌરવ

હિંમતનગર, તા. ૫

હિંમતનગરમાં આવેલી સિલ્વગ્રીન સેકન્ડરી ઈંગ્લિશ સ્કૂલનું સતત બીજા વર્ષે ૧૦૦ ટકા પરિણામ આવતા રાજય સરકાર દ્વારા રોકડ પુરસ્કાર આપવામાં આવ્યું હતું. મળતી માહિતી અનુસાર હિંમતનગરમાં આવેલી સિલ્વગ્રીન સેકન્ડરી ઈંગ્લિશ સ્કૂલનું સતત બીજા વર્ષે પણ ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. આથી પ્રોત્સાહન રૂપે ગુજરાત સરકારે કન્યા કેળવણી ઉત્કર્ષ ફંડમાંથી શાળાના આચાર્ય હરેશકુમાર કડિયાને રૂ. ૧૧,૦૦૦નું રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. જે બદલ સંસ્થાના પ્રમુખ ડી.એલ. પટેલે શાળાના આચાર્યા તથા શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

પ્રાંતિજના બાકરપુરા બંધ લાઈન પર કરંટ લાગતા એક ગંભીર

હિંમતનગર, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં બાકરપુરામાં મંગળવારની સાંજે બપોરે વીજલાઈનનું કામકાજ ચાલતું હોવાથી વીજ લાઈન બંધ કરેલ અને કામ ચાલતું હતું તે સમય દરમિયાન સાંજના ચારેક વાગેના સુમારે બાકરપુરમાં લોખંડ થાંભલા પર બે મજુર વીજ કામે થાંભલા પર ચડ્યા હતા ત્યારે અચાનક જ વીજ પ્રવાહ બંધ હોવા છતાં બંનેને કરંટ લાગતા ભોઈ પટકાયા હતા તે બંને નામે રણજીતસિંહ ઝાલા અને મુકેશસિંહ પરમારને તાત્કાલિક સારવાર માટે હિંમતનગર સિવિલમાં લાવ્યા હતા. જયાં વધુ ગંભીર રણજીતસિંહ ઝાલાને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યારે મુકેશસિંહ પરમારને હાથે અને મોઢાના ભાગે કરંટ સારવાર શરૂ કરાઈ હતી જે સારવાર હેઠળ છે. આ અંગે પ્રાંતિજ ઉત્તર ગુજરાત વીજ કંપનીના એમ.એ. ઉપાધ્યાયએ જણાવેલ કે બંનેને કરંટ વીજ થાંભલા પર લાગ્યો છે પણ વીજ પ્રવાહ બંધ હોવા છતાં કરંટ લાગ્યો છે તે તપાસનો વિષય છે અને તેની તપાસ થશે.

શિક્ષક દિન નિમિત્તે ગુજરાત રાજય સરકાર દ્વારા શ્રેષ્ઠ શિક્ષકોને પોતાની શ્રેષ્ઠ અને વિશિષ્ટ કામગીરી બદલ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક આપવામાં આવે છે. રાજયમાં શ્રેષ્ઠ માધ્યમિક છ શિક્ષકોમાં સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના રાયગઢ માધ્યમિક શાળામાં ફરજ બજાવતા એક માત્ર શિક્ષકની પસંદગી થઈ છે જે માધ્યમિક શ્રેષ્ઠ શિક્ષકને બુધવારના રોજ ગાંધીનગર સેકટર-૧૭ ખાતે યોજાયેલા ગુજરાત રાજય શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારોહમાં રાજયના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.

પાટણ કોમર્સ કોલેજમાં યોજાયેલ સેમીનાર

પાટણ, તા. ૫

પાટણની ટી.એસ.આર. કોમર્સ કોલેજમાં યુજીસી ઉપક્રમે ઈન્ટરવ્યું ફેસીંગ અને લીડરશીપ ડેવલોપમેન્ટનો વર્કશોપ યોજાયેલ હતો. આ કાર્યક્રમમાં ડૉ. વસંતભાઈ પટેલ, પૂર્વ પ્રિન્સીપાલ આર્ટસ્ કોલેજ પાટણ તેમજ ડૉ. હાસ્યદા પંડ્યા, પ્રિન્સીપાલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ માણસા ઉપસ્થિત રહ્યા હતા. આ નિષ્ણાત તજજ્ઞોએ ખૂબ જ ઉપયોગી અને રસપ્રદ માહિતી આપી હતી. ઉદ્‌ઘાટત ડૉ. જે.એસ. પંચોલી એજ્યુકેશન ડાયરેકટરશ્રી, નોર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી પાટણ એ રિસર્ચ અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. ૯૦ વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો. કે.એમ. રાવલે મહેમાનોનો પરિચય અને પ્રાસંગિત પ્રવચન કરેલ હતું. પ્રતિકભાઈ સુથારે સંચાલન કર્યું હતું. ડૉ. ભાસ્કર શુકલ આચાર્ય પાટણ કોમર્સ કોલેજ વિદ્યાર્થીઓને કારકિર્દી માટે સજ્જ બનવા જણાવેલ હતું.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોની સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ટ્યૂકડી જાહેર ખબર
જોઈએ છે
૨- પટાવાળા
ઉંમર : ૧૮ થી ૨૫ વર્ષ
અભ્યાસ : ધોરણ-૯ પાસ
ગુજરાત નગરપાલિકા પરિષદ
ન્યાય મંદિર પાછળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

કરાર આધારિત જગ્યા ભરવા બાબત
વોક ઈન ઈન્ટરવ્યુ
જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ગાંધીનગરની કચેરીમાં એમ.જી.એન.આર.ઈ.જી.એ.ના અમલીકરણ માટે ૧૧ માસના કરારથી નીચે મુજબની જગ્યા ભરવા માટે તારીખ : ૧૪-૯-૨૦૧૨ના રોજ બપોરે ૩-૦૦ કલાકે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, બી-બ્લોક, ત્રીજે માળ, બહુમાળી બિલ્ડીંગ, પબ્લિકાશ્રમની બાજુમાં, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતે રૂબરૂમાં વોક ઈન ઈન્ટરવ્યુ રાખેલ છે.

ક્રમ	કરાર આધારિત જગ્યાનું નામ	સંખ્યા	લઘુતમ લાયકાત	ફિક્સ પગાર	અનુભવ
૧.	નાયબ જિલ્લા પ્રોગ્રામ કો. ઓર્ડિનેટર	૦૧	સરકાર માન્ય કોઈપણ વિદ્યાશાખાના પ્રથમ વર્ગના અનુસ્નાતક અથવા એમ.એસ.ડબલ્યુ	રૂ. ૨૦,૦૦૦/-	સરકારી/અર્ધ સરકારી/ પ્રતિષ્ઠિત સંસ્થાનો ત્રણ (૩) વર્ષનો અનુભવ/ કોમ્પ્યુટરના જાણકારને અગ્રતા
			પ્રથમ વર્ગના એમ.બી.એ./ પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન રૂરલ મેનેજમેન્ટ/ પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન રૂરલ ડેવલોપમેન્ટ	રૂ. ૨૫,૦૦૦/-	

ઉમેદવારે પોતાનો બાયોડેટ, તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોંટાડી, શૈક્ષણિક લાયકાત, જાતિ, ઉંમર તથા અનુભવના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો તેમજ અસલ નકલો સહ તા. ૧૪-૯-૨૦૧૨ના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાક સુધી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. અનુભવનો સમયગાળો શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદનો જ ગણવામાં આવશે.

સહી/-
અધિક જિલ્લા પ્રોગ્રામ કો.ઓર્ડિનેટર
(એમજીએનઆરઈજીએ) - વ -
નિયામક, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ગાંધીનગર
માહિતી/૧૨૮૬/૧૨-૧૩

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર
મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧